સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સેના, પક્ષો ને ન્યાય વચ્ચે જૂથાઇ ગયું છે,
આતંરિક પળોજણમાં ગૂંથાઇ ગયું છે.
ગૂંચવાઇ ગયું છે સ્વાર્થ - ખાયકીની જાળે -
પાકિસ્તાનનું લોકતંત્ર સાવ ચૂંથાઇ ગયું છે
(આંતરિક કટોકટી)

હાઈકુ

આવ્યા બહાર
ચોટાલા કંપનીના
મોટા ગોટાલા..
(નેતા ફૂટેલા)

છાંટ્યા કરે છે
મોંઘવારી ઉપર
ગેસ-પેટ્રોલ
(થાય ભડકો)

ચિંતન

**સ્થાલ્યાં વૈદૂર્યમય્યાં પચતિ તિલખલં ચાંદનેન્ધનોઘૈઃ
સૌવર્ણૈર્લોકૌલિખતિ વસુધામર્ક મૂલસ્ય હેતોઃ ।
છિત્વા કર્પૂર ખંડાન્વૃત્તિ મિહ કુરૂતે કોદ્રવાણાં સમન્તા
ત્પ્રાપ્યેમાં કર્મભૂમિમ્ ન ચરતિ મનુજો યસ્તપો મંદભાગ્યઃ ॥**

ભર્તૃહરિ રચિત નીતિ શતકનો આ શ્લોક મૂર્ખ-કમનસીબ માણસ જે દિવ્ય માનવ જીવન પ્રાપ્ત કરીને જીવન-સસ્તામાં, ન કરવાં જેવાં કામ કરીને વડફી નાખે છે એની વાત કરે છે :

'જે કમનસીબ-મનુષ્ય આ જન્મમાં કર્મભૂમિ, મૃત્યુલોકને પ્રાપ્ત કરીને-તપ-સત્કર્મ-પુણ્ય માર્ગનું આચરણ કરતો નથી. (એ કોના જેવો છે - નું દૃષ્ટાંત આપતાં કહે છે કે તે અહીં આ સંસારમાં 'વૈદુર્ય'ના (મણિ-રત્ન જડેલાં) વાસણમાં) ચંદનના લાકડાં ના બળતણથી તલના ખોળને રાંધે છે.'

આકડાની ખેતી માટે સોનાની અણીવાળું હળથી જમીન ખેડે છે, અને કર્પૂરના વૃક્ષની ડાળીઓ કાપીને કોદરાની આજુબાજુ વાડ કરે છે.'

અર્થાત્ દિવ્ય સાધનનો ઉપયોગ હલકી જાતની વસ્તુને પ્રાપ્ત કરવા માટે કરે છે.

મણિના વાસણમાં-ચંદનના લાકડાં બાળીને રાંધવાની તો તલની કોદરી જ. આકડાની ખેતી માટે સોનાનું હળ વાપરવું એ જેમ મૂર્ખામી છે તેમ આ દિવ્ય જન્મ સાધવા માટે છે તેને બદલે વ્યસન વાસના અને ભૌતિક સુખોના ભોગો ભોગવવામાં ખર્ચી નાખવું એ કેવળ મૂર્ખાઇ છે.

માણસે પોતાનું અમૂલ્ય જીવન સત્કાર્યો અને સાધનામાં જ વ્યતીત કરવું જોઇએ.

સુવિચાર

- **નાહક ક્રોધ કરવો, લાભ વિનાની લપલપ કરવી, વિકાસ વિનાની ઉથલપાથલ, નાહકની પૂછપરછ, ભરોસો કરવા જેવાનો ભરોસો ન કરવો, ન કરવા જેવા પર સંપૂર્ણ વિશ્વાસ, દુશ્મનને મિત્ર બનાવવો આ છ મૂર્ખના લક્ષણ છે - વેદવ્યાસ (મહાભારત)**
- **તરૂણોની દૃષ્ટિએ વૃદ્ધ પુરૂષ મૂર્ખ છે અને વૃદ્ધો તરૂણોને મૂર્ખ માને છે - ડ્યાયલી**
- **એક ભણેલો મૂર્ખ અજ્ઞાની મૂર્ખ કરતાં વધારે જોખમી છે - મોલિયર**
- **મૂર્ખ પોતાની બુધ્ધિશાળી માને છે, જ્યારે બુધ્ધિશાળી પોતાને અજ્ઞાની જ માને છે - શેક્સપિયર**
- **મૂર્ખ પોતાનાં કરતાં પણ વધારે મૂર્ખની પ્રશંસા કરે છે - થોમસ હોબ્સ**
- **વિના પૂછે સલાહસૂચન આપે, વિના આમંત્રણે જાય, બોલવાની જગ્યાએ ન બોલે ન બોલવાનું બોલે તે મૂર્ખ - એસ. ભટ્ટાચાર્ય**
- **જ્યાં દેવદૂત પણ જતાં ગભરાય ત્યાં મૂર્ખ હિંમતપૂર્વક હામ ભીડે છે - પોપ**

બોધ કથા

માણસ તો બધા સરખાં જ છે. લોહી-માંસ-હાડકાં અને જીવ બધાને મળ્યાં છે, છતાં કોઇ કલાકાર થઇ અમિતાભ બને છે, કોઇ ડોક્ટર-ઇજનેર-સંગીતકાર-વિજ્ઞાની કોઇ ચોર-લૂંટારો-ઠગ-નેતા કોઇ સત્યવાદી સેવક. જે ઉત્તમ થયા છે એણે જાત મહેનતથી પોતાના ક્ષેત્રમાં ખૂબ જ પરિશ્રમથી સાધના કરી છે. જે અધમ થયા છે એ પોતાની આળશુ અધમ વૃત્તિથી પતન પામ્યા છે.

એક ચિંતક મંદિરમાં દર્શને જતો હતો. મંદિર સંપૂર્ણ આરસનું હતું. મૂર્તિઓથી પગથિયાં સુધી બધું જ આરસ. પગથિયાં ચઢતાં જ ચિંતકને ડૂસકું સંભળાયું. પગથિયાંની આંખમાં આસું હતા.

ચિંતકે પૂછ્યું, તને શેનું દુઃખ છે?

આરસનું પગથિયું કહે, આ મૂર્તિ અને હું એક જ શિલાના બે ભાગ છીએ, એની ફૂલ-બાધાથી પૂજા થાય છે અને મારા માથે લોકો ગંદા પગ મૂકી પસાર થાય છે મને નથી કોઇ પૂજતું કે પૂછતું, એનું મને દુઃખ છે.

ચિંતક કહે એણે કારીગરના ટાંકણાંની પીડા સહન કરી પોતાનું અંદરનું સૌંદર્ય પ્રગટ કર્યું છે. તું અણઘડ જ રહ્યું. જે સહન કરી કસોટીમાંથી પાર ઉતરે તે ભગવાન થઇ પૂજાય છે.

વ્યક્તિમાંથી ધર્મ, જાતિ, ભાષા, લિંગ, દેશનાં લેબલ ખરી પડે ત્યારે માણસ અવશેષ સ્વરૂપે બચી જાય છે, પ્રામાણિક જીવન ઇચ્છતા તમામ લોકોએ પોતાના પર લાગેલા અપ્રમાણિક લેબલો ફેંકી દેવાની હિંમત કરવા જેવી ખરી!

કોફી હાઉસ
- ઉત્સવ પરમાર

એવી દુનિયા... જ્યા રસ્તામાં મળતો દરેક માણસ મિત્ર હોય

ઘરમાં આગાશી એ સૌથી અદ્‌ભૂત જગ્યા છે. આગાશી એક કોસ્મિક લિંક છે જે આંખોને આકાશ જોડે છે, અને ઉત્તરાયણ જેવા ઉત્સવોની મજા એ છે કે તે માણસને ખૂણામાં પૂરાઇ રહેવાની છૂટ આપતા નથી.

દરેક માણસ પોતાનો ખૂણો સાચવીને બેઠો છે. દરેક માણસની દૃષ્ટિને પોતાનો ખાસ કોણ હોય છે. અને આવા જ ખૂણાઓનાં કારણે ગણિતમાં બંધ આકૃતિઓ કે ક્લોઝ્ડ ફિગર્સની ચોક્કસ માપવાળી રચનાઓ શક્ય બની. ખૂણો એ બંધન છે. આકાશમાં કોઇ ખૂણો નથી - અને એટલે જ તે મુક્તિનું પ્રતીક છે - અને તમામ વ્યક્તિ તેની સાથે આસાનીથી જોડાઇ શકે છે. ઉત્તરાયણ આકાશ સાથેનું આઝાદી સાથેનાં જોડાણનું સંબંધ-પર્વ છે.

વ્યક્તિમાંથી ધર્મ, જાતિ, ભાષા, લિંગ, દેશનાં લેબલ ખરી પડે ત્યારે માણસ અવશેષ સ્વરૂપે બચી જાય છે. પ્રામાણિક જીવન ઇચ્છતા તમામ લોકોએ પોતાના પર લાગેલા અપ્રમાણિક લેબલો ફેંકી દેવાની હિંમત કરવા જેવી ખરી!

જે તહેવારો પર ધર્મોનાં લેબલ નથી હોતા, તે તહેવાર નિખાલસતા સાથે ઉજવી શકાય છે. જે જગ્યાઓ - સ્થાનો ખાસ લેબલોથી મુક્ત હોય છે, ત્યાં ખુલ્લા મને ફરી શકાય છે. આજ સુધી કોઇ વૃક્ષે એમ નથી કહ્યું કે તે હિન્દુ છે, આજ સુધી ચર્ચની પાસેના બગીચાએ દાવો નથી કર્યો તે ક્રિશ્ચિયન છે; આજ સુધી વાદળો વરસતી વખતે નકશામાં ભારત કે પાકિસ્તાન નથી જોતાં, આજ સુધી આકાશમાં ઉડતાં પક્ષીઓએ બોર્ડર ક્રોસ કરવા માટે વિઝા લીધા નથી.

સમગ્ર પ્રકૃતિ લેબલ વિનાની છે - એ તો આપણે કહ્યું કે આ સિંહ આફ્રિકન કે પેલો એશિયન, આ પક્ષી સાઇબેરિયન કે પેલું ઇન્ડિયન, બાકી કોઇ સિંહને ખબર નથી કે આફ્રિકન છે કે એશિયન ને કોઇ પક્ષી જાણતું નથી કે તે રશિયાની સરહદમાં છે કે ભારત - એમના માટે તો સબ ભૂમિ ગોપાલ કરી...

આપણી સમગ્ર દુનિયા લેબલોથી ખદબદે છે. દરેકનાં પ્રાઇઝ ટેગ જૂઠી ઇલેક્ટ્રીક રોશનીઓ પાછળ ચમકે છે. પાંખડ, દંભ, જૂઠ, બેઇમાન દુનિયાનાં વિરોધાભાસો વચ્ચે માણસનાં લેબલ આંદોલિત થયા કરે છે. નાગા બાવાઓની નગ્નતાને પૂજનીય અને દિગંબરોની નગ્નતાને પ્રકૃતિ પર "વિજય" સ્વરૂપ ગણી વંદનીય કહેનારો સંસ્કૃતિ રક્ષક સમાજ સ્ત્રીની નગ્નતાને સ્વીકારી શકતો નથી. આ એ સમાજ છે જ્યાં પુરૂષની નગ્નતા એ કામવાસના પર ઇન્દ્રિય વિજય છે. ચારિત્ર્યશીલતા છે. ઇન્દ્રિયોની હાર છે. આ એ દુનિયા છે - આ એ સમાજોની દાસ્તાન છે જેણે ફક્ત કન્વિનિયન્ટ ટ્રુથ કે અનુકૂળ સત્યોનાં પણ નકલી લેબલ બનાવ્યા છે. આંખોમાં ધૂળ નહીં ધૂળમાં આંખો નાંખી છે. જ્યાં જ્યાં સંસ્કૃતિ, ધર્મ કે બીજા કોઇ પણ લેબલ નીચે પાંખડ થા છે ત્યાં ત્યાં માણસ હારી જાય છે. ખુલ્લા મનથી - વિશાળ, દિલથી - આકાશની અનંતતાથી - સાગરની ગહરાઇઓથી માણસને દૂર રાખવાનું પાપ આ પાખંડીઓની જમાતે કર્યું છે.

આકાશની વિશાળતા પામેલાં મનુષ્યની હૃદયભાષામાં સંકુચિતતા નામનો શબ્દ નહીં મળે, સમુદ્રનું ઊંડાણ પામેલાં મનનાં શબ્દકોશમાં, છીછરા વિચારોની બાદબાકી હશે. માણસના અંગત હૃદય સામ્રાજ્ય પર તરાપ મારવાની વૃત્તિ ખરેખરી ચારિત્ર્ય હીનતા છે. ચારિત્ર્યની ધાર્મિક - સાંસ્કૃતિક - સામાજિક વિભાવનાઓથી દૂર જ્યારે માનુષ્યિક વ્યાખ્યા થશે ત્યારે માણસની અંદર રહેલો માણસ જીતી જશે - જ્યારે સ્વાભિમાન મનુષ્ય ગૌરવની કક્ષાએ પહોંચી જશે પછી કોઇ માનવ અધિકારવાદીઓની જરૂર નહીં રહે કેમ કે ત્યારે માનવો અધિકારો સર્વોચ્ચ ઊંચાઇ પર હશે... રસ્તા પર મળતો દરેક માણસ મિત્ર હોય, એવી સહજ દુનિયાની કલ્પના જેવી - તેવી નથી... બસ, દુનિયા કો લેબલ હટાકે દેખો...

- ch9723367947@yahoo.com

સેવા, સત્સંગ અને સાધના (સ્મરણ)નો સહારો લે તો દરેક મનુષ્ય એક નવું જ રૂપ ધારણ કરી શકે અને આ દુનિયા સ્વર્ગ બની જાય ન કોઈ કોર્ટોની જરૂર પડે કે ન તો કોઈ હથિયારની

માનવીના મનનું રિસાયકલીંગ
- લક્ષ્મી વાઘવાણી

રોજરોજ વંચાતા દૈનિક પેપર (છાપા) લો કે અન્ય પાઠ્ય પુસ્તકો, ભરાઈ ગયેલી નોટબુકોના કાગળો કે સરકારી જુના કાગળો આ બધું વેચાય છે પસ્તીવાળાને ત્યાં. કે જયાં તેનું મૂલ્ય તેની અસલ કિંમત કરતાં ૧ કે ૨ ટકા મળે છે. ટૂંકમાં જ્યાં સુધી છાપામાંના સમાચાર તાજા હોય, પાઠ્યપુસ્તકો શાળામાં અમલમાં હોય કે નોટબૂકોમાં વિષયની પરીક્ષા પૂર્ણ ન થઈ હોય ત્યાં સુધી એ વધુ કિંમત ધરાવે છે. પછી તેનું મૂલ્ય તદ્દન ઘટી જાય છે. પરંતુ એ બધું સાહિત્ય/કાગળો પસ્તીમાં વેચાઈ ગયા બાદ એ ફેકટરીમાં જાય છે જયાં રીસાયકલીંગ કરીને તેને નવા કાગળનું સ્વરૂપ આપવામાં આવે છે. આ નવા કાગળમાં એન્જીનીયરીંગના, ડૉકટરના, આઈએએસની પરીક્ષા માટેના કે ધાર્મિક ગ્રંથોના કે પછી કોમ્પીટીટીવ પરીક્ષાઓના પુસ્તકોનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તેનું મૂલ્ય રૂપિયામાં, સેંકડોમાં અને કયારેક તો હજાકોમાં અંકાય છે. એટલું જ નહિ ચલણી નોટો પણ કાગળની જ હોય છે ને? એ પછી માત્ર એક રૂપિયો હોય કે એક હજાર રૂપિયા હોય.

આપણા જીવનનું એટલે કે મનુષ્ય જીવનનું પણ એવું જ નથી લાગતું? આપણા કર્મોથી આપણું/આપણા જીવનું મૂલ્ય અંકાય છે. ચોર, ડાકુ, લૂંટારા, દેશદ્રોહી કે પછી અપ્રમાણિક, ચરિત્રહીન લોકોથી સજ્જનો દૂર ભાગે છે. અરે! એમનું નામ લેવા કે પોતાના બાળકોનું એ નામ રાખવા પણ લોકો તૈયાર નથી હોતા. રાવણ, દુર્યોધન, શકુનિ, કંસ, ધુતરાષ્ટ્ર જેવા નામ મહ્‌દઅંશે પોતાના બાળકોનું કોઈ નામ રાખવા તૈયાર નહિ જ થાય.

પરંતુ, એક વાત ચોક્કસ કે વાલિયો લૂંટારો જેમ લૂંટારામાંથી વાલ્મિકી બન્યા તેમ જો સત્સંગરૂપી ફેકટરીમાંથી જો ચોર, ડાકુ, લૂંટારા, દેશદ્રોહી કે પછી અપ્રમાણિક, ચરિત્રહીન લોકો પણ જાય, તેના ગુણ ગ્રહણ કરે તો અવશ્ય એમનું મૂલ્ય વધી જ જાય. પણ એ ત્યારે શકય બને જયારે સદગુરૂના સાનિધ્યમાં આવે. સેવા, સત્સંગ અને સાધના (સ્મરણ)નો સહારો લે તો દરેક મનુષ્ય એક નવું જ રૂપ ધારણ કરી શકે અને આ દુનિયા સ્વર્ગ બની જાય ન કોઈ કોર્ટોની જરૂર પડે કે ન તો કોઈ હથિયારની. જરૂર છે ફકત માનવીના મનનું રીસાયકલીંગ કરવાની.

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૧૮મી જાન્યુઆરી

● જીવનભર સમાજ સુધારણાનું પાયાનું મૂલ્યવાન કાર્ય કરનાર પ્રખર દેશભક્ત શ્રી મહાદેવ ગોવિંદ રાનડેની જન્મતિથિ ૧૮-૧-૧૮૪૨.

'મરાઠા સત્તાનો ઉદય' તેમનો પ્રમાણભૂત ગ્રંથ. સમાજ સુધારક તરીકે મોટી નામના મળી.

● ૧૮૬૯ - સુએઝની નહેર વાહન વ્યવહાર માટે ખુલ્લી મુકાઇ.



● ૧૯૩૦ - શ્રી રવિન્દ્રનાથ ટાગોર સાબરમતી આશ્રમમાં પહોંચ્યા.



● ૧૯૪૭ - મહાન ગાયક સ્વર સમ્રાટ કુંદનલાલ સાયગલનું અવસાન.

ગાંધીજીને કયાં શિક્ષણના પ્રણેતા માનવામાં આવે છે?

વિષય : શિક્ષણ જગત

(૧) પ્રકૃતિવાદના પુરસ્કર્તા તરીકે કોણ ઓળખાય છે?
(અ) કોમેનિયમ (બ) રૂસો (ક) પેસ્ટેલોઝી (ડ) રસ્ક
(૨) જિન જેક રૂસોની પ્રકૃતિવાદી વિચારધારા કયા પુસ્તકમાં વર્ણવવામાં આવી છે?
(અ) ધ એમિલ (બ) ધ પ્રોબ્લેમ ચાઈલ્ડ
(ક) ધ રિપબ્લીક (ડ) ત્રણમાંથી એક પણ નહીં
(૩) કયા એક ભારતીય તત્ત્વચિંતક પ્રકૃતિવાદી ચિંતક હતા?
(અ) મહર્ષિ અરવિંદ (બ) રવીન્દ્રનાથ ટાગોર
(ક) ગાંધીજી (ડ) સ્વામી વિવેકાનંદ
(૪) પ્રકૃતિવાદનો ઉદ્‌ભવ કઈ સદીમાં થયેલો મનાય છે?
(અ) ૧૬મી સદી (બ) ૧૭મી સદી (ક) ૧૮મી સદી (ડ) ૧૯મી સદી
(૫) રવીન્દ્રનાથ ટાગોર કઈ શિક્ષણ પધ્ધતિના હિમાયતી હતા?
(અ) કથન પધ્ધતિ (બ) ભ્રમણ દ્વારા શિક્ષણ
(ક) પ્રવાસ પધ્ધતિ (ડ) હ્યુરીસ્ટિક પધ્ધતિ
(૬) કોની ગણના વ્યવહારવાદના પ્રણેતા તરીકે થાય છે?
(અ) સર કિલપેટ્રિક (બ) વિલિયમ જેમ્સ (ક) જ્હોન ડયુઈ (ડ) ગાંધીજી
(૭) કોણે 'હાઉ વી થીંક' ગ્રંથની રચના કરી હતી?
(અ) જ્હોન ડ્યુઈ (બ) ફ્રાન્સિસ બેકન (ક) ઓગસ્ટ કાસ્ટે (ડ) સરકિલ પ્રેટ્રીક
(૮) વ્યવહારવાદી ભારતીય ચિંતક તરીકે કોની ગણના થાય છે?
(અ) સ્વામી દયાનંદ (બ) ગાંધીજી (ક) રવીન્દ્રનાથ ટાગોર (ડ) મહર્ષિ અરવિંદ
(૯) 'સતત પરિવર્તન' એ કંઈ વિચારધારાનો મૂળભૂત સિધ્ધાંત છે?
(અ) પ્રકૃતિવાદ (બ) વાસ્તવવાદ
(ક) અસ્તિત્વવાદ (ડ) વ્યવહારવાદ
(૧૦) જહોન ડયૂઈના અંતેવાસી તરીકે કયા તત્ત્વજ્ઞાનીનું નામ જાણીતું છે?
(અ) વિલિયમ જેમ્સ (બ) વિલિયમ કિલપેટ્રીક
(ક) સિડની હૂક (ડ) જહોન અઈલ્ડ
(૧૧) નીચેનામાં સ્વામી વિવેકાનંદજીની શિક્ષણ વિભાવના કઈ છે?
(અ) સ્વયં શિક્ષણ (બ) બહિર્ગત શિક્ષણ
(ક) પ્રકૃતિમાંથી શિક્ષણ (ડ) આત્મ શિક્ષણ
(૧૨) રવીન્દ્રનાથ ટાગોરે સ્થાપેલી વિશ્વ વિદ્યાલય કઈ?
(અ) વલ્લભી વિદ્યાપીઠ (બ) નાલંદા વિશ્વ વિદ્યાલય
(ક) વિશ્વભારતી (ડ) શાંતિનિકેતન
(૧૩) ગાંધીજીને કયાં શિક્ષણના પ્રણેતા માનવામાં આવે છે?
(અ) બુનિયાદી શિક્ષણ (બ) રમત દ્વારા શિક્ષણ
(ક) શ્રમ દ્વારા શિક્ષણ (ડ) ક્રિયા દ્વારા શિક્ષણ
(૧૪) અરવિંદ શાને શિક્ષણનો મૂલાધાર માને છે?
(અ) જ્ઞાનેન્દ્રિયો (બ) બ્રહ્મચર્ય (ક) વ્યક્તિત્વ વિકાસ (ડ) બાળક
(૧૫) 'માનવ મનનું ઘડતર' કોણે સૂચવેલો શિક્ષણનો હેતુ છે?
(અ) અરવિંદ (બ) સ્વામી વિવેકાનંદ
(ક) રમણ મહર્ષિ (ડ) રવીન્દ્રનાથ ટાગોર

● વિવિધા ●

વિષય :- વિશ્વના પ્રખ્યાત શિલ્પીઓ : **શિલ્પીઓ અને દેશ**

● એસ્ટેઈન જેકબ : **અમેરિકા** ● કોડીન : **ફ્રાન્સ**
● બર્નાડ લીચ : **બ્રિટન** ● જવથવ ઈપ્સ્ટીન : **અમેરિકા**
● ધીબર્ટી લોરેઝો : **ઇટલી** ● ફિડીયાસ : **ગ્રીસ**
● લિયોનાર્દો-દ-વીન્સી : **ઇટલી** ● માઈકલ એન્જેલો : **ઇટલી**
● ઓગસ્ટસ રોડીંગ : **ફ્રાન્સ** ● લ્યૂકા ડેલા સેબિયા : **ઇટલી**
● હેનરી મૂર : **અમેરિકા**

● ગયા સપ્તાહનો સવાલ...?

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંઘચાલક કોણ છે?
જવાબ - શ્રી મોહન ભાગવત

● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) મહેશ એમ. જાદવ : સાદરા વિદ્યાપીઠ
(૫) આકાશ જી. પટેલ : સે-૨૩
(૬) મકવાણા હરેશ એચ. : સે-૨૪

● પૂછું એક સવાલ...?

(૧) પટેલ વિરલ એસ. : સે-૪થી
પ્રશ્ન - કામસૂત્ર પુસ્તકના રચયિતા કોણ હતા?
જવાબ - મુનિ વાત્સ્યાયન
(૨) શાહ તન્વી. એચ : સે-૨૦થી
પ્રશ્ન - અમેઝોન નદીની શોધ કોણે કરી હતી?
જવાબ - ઈ.સ. ૧૫૪૧માં સાહસિક ઓરીલેનાએ.
(૩) પટેલ મીત. બી : સે-૮થી
પ્રશ્ન - તાન્જુંગ સમાચાર સંસ્થા કયા દેશની છે?
જવાબ - યુગોસ્લાવીયા
(૪) પ્રજાપતિ કશ્યપ. એ : સે-૨૪થી
પ્રશ્ન - વારિસ શાહ કઈ ભાષાનાં મહાકવિ હતા?
જવાબ - વારિસ શાહ
પંજાબી ભાષાનાં મહાકવિ હતા.
(૫) વ્યાસ ઉજ્વલ એન : સે-૩થી
પ્રશ્ન - યુ.એન.ના ભૂતપૂર્વ મહામંત્રી ડૉ. બ્રુયેસ ધાલી કયા દેશનાં હતા.
જવાબ - ઈજિપ્ત

● આ સપ્તાહનો સવાલ...?

પાકિસ્તાનમાં કયા ધાર્મિક નેતાએ સંસદ ઘેરાવનો કાર્યક્રમ આપીને સરકારને બાનમાં લીધી છે?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ
ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

● સાચા જવાબો :-

૧ (૨) ૨ (૭) ૩ (૭) ૪ (૩) ૫ (૫) ૬ (૨) ૭ (૬) ૮ (૨) ૯ (૧)
૧૦ (૫૧) ૧૧ (૨૧) ૧૨ (૬૧) ૧૩ (૨૧) ૧૪ (૧૧) ૧૫ (૦૧)

વહાલી શાળાને વંદન

**તમને અમને અને તમામને
વહાલી લાગે માતા
વહાલા લાગે પિતા
વહાલું લાગે ઘર
વહાલાં લાગે શિક્ષકો
વહાલી લાગે નિશાળ.**

નિશાળમાં પહેલીવાર આવતાં કેવી લાગી'તી બીક? પછી નિશાળમાં લાગવા માંડ્યું બધું ઠીકમ ઠીકમ! ધોરણ પહેલું, પછી બીજું, પછી ત્રીજું... એમ સાતમા ધોરણમાં પાસ થવાય.

પણ સાતમું ધોરણ ભણીને કોણ અટકે? એટલે

જવું પડે હાઇસ્કૂલમાં : વહાલી પ્રાથમિક શાળા છોડવી પડે. એ શાળા છોડતાં મનમાં કંઇક થાય!

એવો એક છોકરો હતો. તેનું નિશાળનું ભણતર પૂરૂં થયું. બીજે શહેરમાં ભણવા જવાનું હતું. શહેરમાં આગળ ભણવાનું એને ગમતું હતું. પણ ગામની નિશાળ છોડવાનું ગમતું ન હતું. પણ શાળા છોડ્યા વિના છૂટકો ન હતો!

એ છોકરો વહાલી નિશાળનાં એક ખૂણે ઊભો રહ્યો. ને મનમાં ને મનમાં કહેવા લાગ્યો. 'નિશાળ! જાઉં છું તારી કનેથી હવે, પણ હું તારૂં નામ અજમાવીશ! ને પછી નિશાળને વંદન કરીને એ છોકરો ધીમે ડગલે ઘેર આવ્યો.'

શહેરમાં ભણવા ગયો. ચીવટથી ભણવા માંડ્યું. એટલે પહેલાં નંબરે પાસ થવાની જાણે ટેવ પડી!

એ છોકરાને કવિતા લખવામાં મજા આવતી. એ પણ એવું આવડ્યું કે આખા ગુજરાતનાં નામ કમાયો. પરદેશમાં પણ નામનાં થઇ. એ નામી કવિ અને લેખક તે ઉમાશંકર જોષી.

કવિ ઉમાશંકર જોશી કહેતા : 'મારા ગામની ઇડર શાળાના શિક્ષકોએ મારા માટે મહેનત કરી તેનું આ પરિણામ! - શાળાને અને શિક્ષકોને વંદન!'

મારી હોડી! મારી હોડી!

મારી હોડી! મારી હોડી!
સરસર કરતી જાય ઝપાટે દોડી
મારી હોડી!
એ હોડીમાં ભંડાર ભર્યા
વનવગડાના કંઈ માલ ભર્યા!
લીલાં પીળાં સૂકાં ફૂણાં
ભાતભાતનાં પાન ભર્યાં!
ભાતભાતનાં ધાન ભર્યાં!
કાચ વીણીને ઘસી બનાવી
નીલમ ને માણેક ભર્યાં!
મમરા ધાણી સેવ ભર્યાં!
ઠળિયા બોર તણાય ભર્યાં!
ધજા ફરકતી લઈને બેઠાં
મીની બાઈ દમામ ભર્યા
મારી હોડી! મારી હોડી!

- રમણલાલ સોની

બાળ મિત્રો,

"સ્વપ્ન એ નથી કે તમે ઊંઘમાં જુઓ,
પણ સ્વપ્ન એ છે કે જે તમને ઊંઘવા ન દે"

કેટલી બધી સાચી વાત છે! તમે પણ સપનાં જોતા હશો. પણ એ હોય ઊંઘમાં આવતાં સપનાં - જેમાં આપણે કલ્પના કરીએ તે મૂજબ કયાંકનાં કયાંક પહોંચી જઈએ. મનગમતું મેળવી લઈએ. ચારેબાજુ આપણી વાહવાહ થાય. પણ એ બધું કયાં સુધી? આંખ ખૂલે નહીં ત્યાં સુધી! આંખ ખૂલે એટલે બધું ગાયબ થઈ જાય અને આપણે હતા ત્યાં ને ત્યાં!

એના કરતાં એવું સપનું જોઈએ. જે ખુલ્લી આંખે જોવાય. અને ઊંઘ ઉડાડી મૂકે. ધારો કે તમે સપનું જૂઓ મોટા ઉદ્યોગપતિ થવાનું તો એ માટે તમારે નાનપણથી જ મહેનત કરવી પડે. લાયકાત કેળવવી પડે. ધગશ રાખીને અભ્યાસ કરવો પડે. રાત-દિવસ બસ એક જ વિચાર મનમાં રમતો હોય અને એ પૂરો કરવા તમે તનતોડ પરિશ્રમ કરતા રહો. ત્યારે જ તમે ધાર્યા મુજબ પ્રગતિ કરી શકો. સિધ્ધિ મેળવી શકો.

તો, વિચાર શું કરો છો? સપનાં જૂઓ અને એ પૂરાં કરવા રાત-દિવસ મહેનત કરો કેમ કે કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.

જાણીએ ગુજરાતને

- ગુજરાત વિદ્યાપીઠના પ્રથમ કુલપતિ કોણ હતા? - મહાત્મા ગાંધી
- હિંગોળાગઢ અભ્યારણ્ય કયાં જિલ્લામાં આવેલે છે? - રાજકોટ
- ગુજરાતનું સૌથી મોટું કૃત્રિમ સરોવર કયું છે? - સરદાર સરોવર
- ગાંધીજીના રાજકીય ગુરૂ કોને માનવામાં આવે છે? - ગોપાલકૃષ્ણ ગોખલે
- કબીર વડ કયાં આવેલો છે? - હેમંત ઋતુમાં કયા બે ગુજરાતી માસ આવે છે? - કાતરક, માગશર
- ગુજરાતમાં કયા જિલ્લામાં સૈનિક સ્કૂલ આવેલી છે? - બાલાછડી, જામનગર
- સાબરમતી નદી કયા સમુદ્રને મળે છે? - અરબી સમુદ્ર